**અગ્રતા ક્રમ:** **૧૪**

**વિભાગ:** આદિજાતિ વિકાસ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/૨૩૫૮

વિધાનસભા ગૃહમાં જવાબ
આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**ચોથું સત્ર**

**પ્રશ્ન શિર્ષક:** **અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રની ખરાઈ માટેની વિશ્લેષણ સમિતિ**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી**
**(ખેડબ્રહ્મા)**

**અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ માટેની વિશ્લેષણ સમિતિ**

***15/4/2358: ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ માટેની કેટલી વિશ્લેષણ સમિતિઓ છે, | (૧) વિભાગીય વિશ્લેષણ સમિતિઓના સુપરવિઝન, મોનીટરીંગ અને માર્ગદર્શન માટે રાજ્ય કક્ષાની ૦૧(એક) વિશ્લેષણ સમિતિ તેમજ અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે વડોદરા, સુરત, ગાંધીનગર-૦૧ તથા ગાંધીનગર-૦૨ મળી કુલ-૦૪(ચાર) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ મળી કુલ-૦૫(પાંચ) સમિતિઓ છે. |
| (૨) ઉકત સ્થિતિએ કેટલી વિશ્લેષણ સમિતિના અધ્યક્ષની જગ્યા ક્યારથી ખાલી છે, | (૨) તમામ જગ્યાઓ ભરાયેલ છે. |
| (૩) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને, | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉકત જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---

## ૧૪

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૩૫૮**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી પી. સી. બરંડા (ભિલોડા)**

---

**પ્રશ્ન–૧ અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ માટેની વિભાગીય વિશ્લેષણ સમિતિઓનો કાર્યવિસ્તાર શુ છે ? (સમાવિષ્ટ જિલ્લા તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભરૂચ અને નર્મદા)**

**જવાબ :**

આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૭/૨૦૨૧ના નોટીફીકેશનથી રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિને વિભાગીય વિશ્લેષણ સમિતિઓના સુપરવિઝન, મોનીટરીંગ અને માર્ગદર્શન માટે કાર્યવિસ્તાર નક્કી થયેલ છે.

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૭/૨૦૨૧ના નોટીફીકેશનથી વિભાગીય વિશ્લેષણ સમિતિ વડોદરામાં અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે વડોદરા, છોટાઉદેપુર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર જિલ્લાનો કાર્યવિસ્તાર નક્કી થયેલ છે.

(૨) વિભાગીય વિશ્લેષણ સમિતિ સુરતને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૭/૨૦૨૧ના નોટીફીકેશનથી અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, ભરૂચ અને નર્મદા જિલ્લાનો કાર્યવિસ્તાર નક્કી થયેલ છે.

(૩) વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર–૦૧ને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૭/૨૦૨૧ના નોટીફીકેશનથી અનુસુચિત જનજાતિ ના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે બનસાકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, બોટાદ, મહેસાણા,પાટણ જિલ્લાનો કાર્યવિસ્તાર નક્કી થયેલ છે.

(૪) વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર–૦૨ને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૯/૭/૨૦૨૧ના નોટીફીકેશનથી અનુસુચિત જનજાતિ ના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ કરવા માટે સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, કચ્છ, જામનગર, દેવભુમિદ્વારકા, જુનાગઢ, ગીર–સોમનાથ, પોરબંદર, અમરેલી જિલ્લાનો કાર્યવિસ્તાર નકકી થયેલ છે.

**૧૪**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/૨૩૫૮**
**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા)**
**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**

---

**પ્રશ્ન–૨** **વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર–૦૧ દ્વારા** આજદિન સુધી શું કામગીરી કરેલ છે ? જાતિ પ્રમાણપત્ર ખરાઈના કુલ કેટલા કેસ મળેલ છે? તે પૈકી કેટલા કેસ માન્ય કરેલ છે ? કેટલા કેસ અમાન્ય કરેલ છે ? તેમજ કેટલા કેસ પડતર છે ?

(સમાવિષ્ટ જિલ્લા બનસાકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ભાવનગર, બોટાદ, મહેસાણા,પાટણ)

**તથા વિભાગીય વિશ્લેષણ સમિતી સુરત દ્વારા** આજદિન સુધી શું કામગીરી કરેલ છે ? જાતિ પ્રમાણપત્ર ખરાઈના કુલ કેટલા કેસ મળેલ છે? તે પૈકી કેટલા કેસ માન્ય કરેલ છે ? કેટલા કેસ અમાન્ય કરેલ છે ? તેમજ કેટલા કેસ પડતર છે ?

(સમાવિષ્ટ જિલ્લા તાપી,ડાંગ,નવસારી, વલસાડ,ભરૂચ અને નર્મદા)

**જવાબ :**

વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર–૦૧ને જાતિ પ્રમાણપત્રની ખરાઈના આજદિન સુધી કુલ **૨૬૦૦** કેસો મળેલ છે. તે પૈકી **૨૧૯૫** કેસો માન્ય કરેલ છે. ૦૭ કેસો અમાન્ય કરેલ છે. ૭૪ કેસો દફતરે / તબદીલ કરેલ છે. આમ કુલ **૨૨૭૬** કેસોનો નિકાલ કરેલ છે. તેમજ બાકીના **૩૨૪** કેસો પ્રાથમિક ચકાસણી / પુરાવાના અભાવે / વિજીલન્સની તપાસમાં / નોટીસ પાઠવેલ જેવા કારણોસર કાર્યવાહી હેઠળ પડતર છે.

**તથા**

વિભાગીય વિશ્લેષણ સમિતિ સુરતને જાતિ પ્રમાણપત્રની ખરાઈના આજદિન સુધી કુલ પ૨૪૧ કેસો મળેલ છે. તે પૈકી **૫૦૧૪** કેસો માન્ય કરેલ

છે. કોઈ પણ કેસ અમાન્ય કરેલ નથી. ૧૦૦ કેસો દફતરે / તબદીલ કરેલ છે. આમ કુલ **૫૧૧૪** કેસોનો નિકાલ કરેલ છે. તેમજ બાકીના **૧૨૭** કેસો પ્રાથમિક ચકાસણી / પુરાવાના અભાવે / વિજીલન્સની તપાસમાં / નોટીસ પાઠવેલ જેવા કારણોસર કાર્યવાહી હેઠળ પડતર છે.

## <u>પુરક પ્રશ્નો</u>

**પ્રશ્ન–૧ વિભાગીય વિશ્લેષણ સમિતિ વડોદરાએ આજદિન સુધી શું કામગીરી કરેલ છે ? જાતિ પ્રમાણપત્ર ખરાઈના કુલ કેટલા કેસ મળેલ છે ? તે પૈકી કેટલા કેસ માન્ય કરેલ છે ? કેટલા કેસ અમાન્ય કરેલ છે ? તેમજ કેટલા કેસ પડતર છે?**

**( સમાવિષ્ટ જિલ્લા વડોદરા, છોટાઉદેપુર, આણંદ, ખેડા, પંચમહાલ, દાહોદ, મહીસાગર )**

**જવાબ :**

વિભાગીય વિશ્લેષણ સમિતિ વડોદરાને જાતિ પ્રમાણપત્રની ખરાઈના આજદિન સુધી કુલ–૪૭૬૭ કેસો મળેલ છે. તે પૈકી ૩૩૧૪ કેસો માન્ય કરેલ છે. કોઈ પણ કેસ અમાન્ય કરેલ નથી. ૧૫૧ કેસો દફતરે/ તબદીલ કરેલ છે. આમ કુલ ૩૪૬૫ કેસોનો નિકાલ કરેલ છે.તેમજ બાકીના ૧૩૦૨ કેસો પ્રાથમિક ચકાસણી/પુરાવાના અભાવે/ વિજીલન્સની તપાસમાં/નોટીસ પાઠવેલ જેવા કારણોસર કાર્યવાહી હેઠળ પડતર છે.

**પ્રશ્ન–૨ વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર–૦૨એ આજદિન સુધી શું કામગીરી કરેલ છે ? જાતિ પ્રમાણપત્ર ખરાઇના કુલ કેટલા કેસ મળેલ છે ? તે પૈકી કેટલા કેસ માન્ય કરેલ છે ? કેટલા કેસ અમાન્ય કરેલ છે ? તેમજ કેટલા કેસ પડતર છે ?**

**(સમાવિષ્ટ જિલ્લા સુરેન્દ્રનગર, રાજકોટ, મોરબી, કચ્છ,જામનગર, દેવભુમિદ્વારકા, જુનાગઢ, ગીર–સોમનાથ, પોરબંદર, અમરેલી)**

**જવાબ :**

વિભાગીય વિશ્લેષણ સમિતિ ગાંધીનગર–૦૨ને જાતિ પ્રમાણપત્રની ખરાઇના આજદિન સુધી કુલ ૧૦૬૯ કેસો મળેલ છે. તે પૈકી ૪૧ કેસો માન્ય કરેલ છે. કોઇ પણ કેસ અમાન્ય કરેલ નથી. ૧૨ કેસો દફતરે / તબદીલ કરેલ છે.આમ કુલ ૫૩ કેસોનો નિકાલ કરેલ છે. તેમજ બાકીના ૧૦૧૬ કેસો પૈકી ૦૮ કેસો પ્રાથમિક ચકાસણી / પુરાવાના અભાવે / વિજીલન્સની તપાસમાં /નોટીસ પાઠવેલ જેવા કારણોસર કાર્યવાહી હેઠળ પડતર છે. તેમજ બાકીના ૧૦૦૮ કેસો ગીર, બરડા આલેચના નેશ વિસ્તારના રબારી, ભરવાડને ચારણે લગતા હોઇ, આ કેસોની કાર્યવાહી હાલ સ્થગિત છે.

**પ્રશ્ન–૩ વિભાગીય વિશ્લેષણ સમિતિ વડોદરા,ગાંધીનગર–૦૧,ગાંધીનગર–૦૨, સુરતમાં કેટલુ મહેકમ મંજુર થયેલ છે. તે પૈકી કેટલુ મહેકમ ભરાયેલ તેમજ કેટલુ મહેકમ ખાલી છે ?**

**જવાબ :**

(૧) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગરના તા.૦૪/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક અજપ/૧૧૨૦૧૮/ ન.બા.૨/ચ,થી આદિજાતિ વિકાસ ખાતા હસ્તક વડોદરા ખાતે વિભાગીય વિશ્લેષણ સમિતિ રચના કરવામાં આવેલ છે.

(૩) આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૬/૧૧/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક અજપ/૧૧૨૦૨૦/ન.બા.૪/ચ, થી આદિજાતિ વિકાસ ખાતા હસ્તક સુરત, ગાંધીનગર –૧ અને ગાંધીનગર–૨એમ કુલ ૩(ત્રણ) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ મળી આદિજાતિ વિકાસ ખાતા હસ્તક કુલ–૦૪ (ચાર) સમિતિ ઓની રચના કરવામાં આવેલ છે.જેમાં મંજુર ભરાયેલ ખાલી મહેકમની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગનું નામ** | **મંજુર મહેકમ** | **ભરાયેલ મહેકમ** | **ખાલી મહેકમ** |
|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત કમિશનર | ૪ | ૪ | ૦ |
| ૨ | મદદનીશ કમિશનર | ૪ | ૨ | ૨ |
| ૩ | સંશોધન અધિકારી | ૪ | ૦ | ૪ |
| ૪ | આદિજાતિ વિકાસ અધિકારી | ૪ | ૧ | ૩ |
| ૫ | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી | ૪ | ૩ | ૧ |
| | **કુલ** | **૨૦** | **૧૦** | **૧૦** |
| | **અન્ય મહેકમ** | | | |
| ૧ | કાયદા અધિકારી | ૪ | ૨ | ૨ |
| ૨ | સિનિયર ક્લાર્ક | ૪ | ૩ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | ડેટા એન્ટ્રી ઓપરેટર કમ જુનિયર ક્લાર્ક (આઉટસોર્સ) | ૮ | ૭ | ૧ |
| ૪ | ડ્રાયવર (આઉટસોર્સ) | ૪ | ૩ | ૧ |
| ૫ | પટાવાળા (આઉટસોર્સ) | ૧૨ | ૧૦ | ૨ |
| | **કુલ** | **૩૨** | **૨૫** | **૭** |

આ સાથે સમિતિ વાઇઝ મંજુર થયેલ ભરાયેલ ખાલી મહેકમ ની વિગત અંગેનું પત્રક સામેલ છે.

વિજીલન્સ સેલમાં સેલ વાઇઝ મંજુર ભરાયેલ ખાલી મહેકમ ની વિગત નીચે મુજબ છે.

| **ક્રમ** | **સંવર્ગનું નામ** | **મંજુર મહેકમ** | **ભરાયેલ મહેકમ** | **ખાલી મહેકમ** |
|---|---|---|---|---|
| | નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક | ૪ | ૪ | ૦ |
| | સોશીયલ એન્થ્રોપોલોજી વિષયના નિવૃત અધ્યાપક | ૪ | ૦ | ૪ |
| | મામલતદાર | ૪ | ૦ | ૪ |
| | પોલીસ ઇન્સ્પેક્ટર | ૪ | ૩ | ૧ |
| | મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી (વિજિલન્સ સેલ) | ૪ | ૪ | ૦ |
| | ડેટા એન્ટ્રી ઓપ.કમ જુનિયર ક્લાર્ક | ૪ | ૪ | ૦ |
| | ડ્રાયવર | ૪ | ૪ | ૦ |
| | પટાવાળા | ૪ | ૪ | ૦ |
| | **કુલ-** | **૩૨** | **૨૩** | **૯** |

આ સાથે વિજીલન્સ સેલનુ સેલ વાઇઝ મંજુર થયેલ ભરાયેલ ખાલી મહેકમની વિગત અંગેનું પત્રક સામેલ છે.

અગ્રતાક્રમઃ- (૧૪)

**(૧) શ્રી પી. સી. બરંડા (ભિલોડા)**
**(૨) શ્રી કનૈયાલાલ કિશોરી (દાહોદ)**